રાજ્યવાત્સલ્ય

લેખક—**શ્રી સુબોધચંદ્ર નાનાલાલ શાહ**

શ્રેષ્ઠી પેથડકુમાર : માંડવગઢના મહામંત્રી. એમણે જેમ માંડવગઢના રાજા જયસિંહદેવના રાજ્યનું મહામંત્રીપદ શોભાવ્યું એમ ધર્મનું મહામંત્રીપદ પણ કરી જાણ્યું હતું. એમના વખતમાં માંડવગઢનું આખું રાજ્ય સુરક્ષિત થયું, રાજ્યની સંપત્તિ અને સુખાકારીમાં વધારો થયો, અને આખા દેશની પ્રજા સુખી અને સમૃદ્ધિશાળી બની. બહારનાં આક્રમણોનો એમણે એવો જવાબ આપ્યો કે પછી તો કોઈ માંડવગઢ રાજ્ય સામે આંગળી ચીંધવાની પણ હિંમત ન કરી શકે.

મહામંત્રી જેમ રાજ્યસંચાલનમાં કુશળ હતા તેમ વેપારમાં પણ એવા જ કુશળ હતા. સંપત્તિની તો એમને આંગણે છોળો ઊછળતી હતી. અને પેથડકુમારે તો પહેલેથી જ પરિગ્રહનું પરિમાણ કરેલું, એટલે તેઓ પોતાની સંપત્તિનો ધર્મનાં અને લોકસેવાનાં કાર્યમાં ખોબે ખોબે ઉપયોગ કરતા. એમની સંપત્તિમાંથી તો કંઈક મનોહર દેવમંદિરો, ધર્મસ્થાનો, આશ્રયસ્થાનો અને સેવાલયો ઊભાં થયાં હતાં. એ બધાં સ્થાનો પેથડશાની કીર્તિગાથા સંભળાવતાં હતાં. લોકોને થતું, પેથડશાએ કેટલી સંપત્તિની કમાણી કરી છે અને કેટલી સંપત્તિનું પોતાના હાથે દાન કર્યું છે! લોકોમાં તો કહેવાતું કે પેથડશાને ચિત્રાવલી મળી છે અને ફળી છે.

પેથડશાના માર્ગદર્શક હતા એક ધર્મગુરુ : આચાર્ય ધર્મઘોષસૂરિ એમનું નામ. ભારે પ્રભાવશાળી અને જ્ઞાની પુરુષ. આવા મોટા રાજ્યનો આવો મોટો મંત્રી એક નાના આજ્ઞાંકિત શિષ્યની જેમ એમનો પડ્યો બોલ ઝીલી લેતો : પોતાના ગુરુની કલ્યાણબુદ્ધિમાં એમને આટલી બધી આસ્થા હતી.

આમ રાજ્યસેવા, લોકસેવા અને ધર્મસેવાને લીધે મહામંત્રી પેથડકુમાર રાજ્યમાં અને પ્રજામાં સમાન રીતે પ્રિય બની ગયા હતા. રાજા અને પ્રજા બન્નેમાં એમની ખૂબ પ્રતિષ્ઠા હતી અને સૌ એમની વાતને હોંશેહોંશે સ્વીકારી લેતા, અને પેથડકુમારનો જય-જયકાર બોલાવતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂર્ય અસ્ત થાય છે અને હસતું, ખીલતું, સુવાસ પાથરતું સુંદર–સોહામણું કમળ પોતાની પાંખડીઓ સંકેલી લે છે. જીવનનું પણ એવું જ છે. આયુષ્યનો સૂર્ય અસ્તાચળ તરફ ઢળે અને જીવનનું કમળ બિડાઈ જાય—બીજે સ્થાને ખીલવાને માટે! સમય થયો અને સર્વજનવત્સલ પેથડકુમારનું જીવન સંકેલાઈ ગયું. એમની કાયા એમની નામનાની સુવાસને સર્વત્ર પ્રસરાવીને નામશેષ બની ગઈ. પેથડકુમાર લોકહૃદયમાં અમર બની ગયા. જનસમૂહ એમની પુણ્યસ્મૃતિને અભિવંદી રહ્યો.

*

પેથડકુમારનો પુત્ર ઝાંઝણકુમાર: એય પિતા જેવો કર્મશૂર, ધર્મશૂર અને દાનશૂર હતો. ધર્મનું રહસ્ય, સંસારની અસારતા અને સંબંધોની અશાશ્વતતાને એ સારી રીતે સમજે છે, પણ પિતાનો વિયોગ એનાથી સહ્યો જતો નથી. એ તો વારેવારે પોતાના પિતાને સંભારીને ઉદાસ બની જાય છે. એને થાય છે: પિતાજી કેવા જાજરમાન પુરુષ હતા! હવે શું એમની છત્રછાયા ક્યારેય નહીં મળે? અને ઝાંઝણકુમારની આંખો અંતરની વેદનાનાં આંસુ સારવા લાગે છે.

ગુરુદેવ ધર્મઘોષસૂરિજી અવારનવાર ઝાંઝણકુમારને ધર્મવાણી સંભળાવીને આશ્વાસન આપે છે અને આવા ધર્મશૂર પિતાનું સ્મરણ કરીને આર્તધ્યાનમાં મનને દુઃખી કરવાને બદલે એમના જેવી ધર્મકરણીમાં ચિત્તને પરોવીને પોતાના જીવનને અને ધનને કૃતાર્થ કરવાની પ્રેરણા આપતા રહે છે. મહામંત્રીની જેમ ઝાંઝણકુમારને પણ આ ધર્મનાયક ગુરુમહારાજનો જ સાચો આશ્રય છે.

છતાં ઝાંઝણકુમારનું મન હજી શાંત અને સ્વસ્થ નથી થતું, એ જોઈને ધર્મઘોષ-સૂરિજી મહારાજે એમને તીર્થયાત્રાનો સંઘ કાઢવાનો ઉપદેશ આપ્યો અને તીર્થયાત્રાના તથા સંઘ કાઢવાના અસંખ્ય લાભો વર્ણવી બતાવ્યા. પિતાનું આપ્યું અને પોતાના હાથે રળેલું ધન પણ અઢળક હતું, સારા કામમાં સામે ચાલીને ઉલ્લાસપૂર્વક ધનને વાપરવાની ઉદારતા પણ ઘણી હતી અને ધર્મનું આરાધન કરવાની તથા શાસનની પ્રભાવના વધારવાની ધગશ પણ પુષ્કળ હતી.

ઝાંઝણકુમારના મનમાં આચાર્ય મહારાજની વાત વસી ગઈ. એમને પણ થયું: બીજી દૃષ્ટિ ઉપરાંત લોકદૃષ્ટિએ પણ આવા મહાન અને ધર્માત્મા પિતાની સ્મૃતિ નિમિત્તે કંઈક પણ ધર્મકૃત્ય કરવું જ જોઈએ ને! સંઘ સહિત તીર્થયાત્રા કરવામાં તો પિતાજીને પણ સાચી અંજલિ આપી ગણાશે, સંઘને પણ ધર્મકરણી કરવાનો અવસર મળશે અને મારું પણ કલ્યાણ થશે. આવા અનેક લાભોનો વિચાર કરીને ઝાંઝણકુમારે ગુરુમહારાજના આ ધર્માદેશને તરત જ આદરપૂર્વક માથે ચડાવી લીધો, અને શત્રુંજય મહાતીર્થની યાત્રાએ મોટા સંઘ સાથે જવાનું નક્કી કર્યું.

સારા કામમાં સો વિઘન, એટલે સારું કામ તો તરત જ પતાવ્યું સારું. એટલે મોટા સંઘની તાબડતોબ બધી તૈયારીઓ કરવાનો ઝાંઝણકુમારે આદેશ આપ્યો. ગામોગામના સંઘોને કંકોતરીઓ લખવામાં આવી. અને વિ. સં. ૧૩૪૦ ના વસંતપંચમીના મંગળમય દિવસે, મંગળ ચોઘડિયે અઢીલાખ જેટલા યાત્રિકોના મોટા સંઘ સાથે ઝાંઝણકુમારે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આચાર્ય મહારાજ શ્રી ધર્મઘોષસૂરિજીની નિશ્રામાં, શત્રુંજય મહાતીર્થની યાત્રા માટે મંગલ પ્રયાણ કર્યું.

અઢી લાખ મનુષ્યોનો એ સંઘ જ્યારે પોતાના ડેરાતંબૂ ઉપાડીને ચાલતો ત્યારે જે દૃશ્ય સર્જાતું તે એવું હતું કે જે નજરે જોવું એ પણ એક લહાવો હતો.

સંઘ પણ કેવો મોટો! જ્યાં સંઘનો પડાવ થાય છે ત્યાં એક વિશાળ નગર વસી જાય છે. સંઘની સગવડ સાચવવા અને ભક્તિ કરવા ઝાંઝણકુમાર, એમના સાથીઓ અને સેંકડો શ્રેષ્ઠીઓ ઊભે પગે ખડા રહે છે. અનંતજ્ઞાની–સર્વજ્ઞ ભગવાને સંઘને તીર્થ કહીને અને એને નમસ્કાર કરીને એનો મહિમા વધાર્યો છે. આવા જંગમ તીર્થની ભક્તિ કરવાનો આવો અપૂર્વ અવસર ફરી મળ્યો કે મળશે! સંઘના માર્ગમાં આવતાં રાજ્યોના રાજાઓ, ઠાકોરો, મંત્રીઓ, મહાજનો અને શ્રેષ્ઠીઓ પણ સંઘનું સ્વાગત-બહુમાન અને સંઘની ભક્તિ કરવામાં જરા પણ પાછી પાની કરતા નથી. સૌ હોંશે હોંશે સેવા કરવા દોડી આવે છે. સૌને મન જીવનનો આ એક અમૂલ્ય લહાવો છે.

યાત્રાળુઓ નિત્યનિયમ મુજબ દેવદર્શન-પૂજન કરી શકે એ માટે બાવન બાવન તો વિશાલ જિનાલયો સાથે રાખવામાં આવ્યાં હતાં. હજારો વાહનો, ઘોડા, બળદો અને સુખાસનો વગેરેથી તેની વિરાટતા વધુ ને વધુ લંબાતી જતી હતી.

માન્યામાં ન આવે તેવું એ દૃશ્ય હતું. લોકો કહેતા કે આવડો મોટો સંઘ તે વળી હોતો હશે? તે ખાતો ક્યાં હશે? આટલા મોટા સમૂહને ખવડાવતું કોણ હશે? એને સૂવા–બેસવાની સગવડ શી હશે? પણ આ બધા સવાલો ત્યાં સુધી જ ટકતા કે જ્યાં સુધી સંઘનાં પ્રત્યક્ષ દર્શન કરવાનો અવસર ન મળતો. જ્યાં એ દૃશ્ય પ્રત્યક્ષ જોવા મળતું ત્યાં આ બધા પ્રશ્નો સ્વયમેવ શાન્ત થઈ જતા.

સંઘના એક છેડેથી બીજે છેડે પહોંચવા માટે પગે ચાલનારને ખાસા ૩–૪ કલાક થાય એવો વિરાટ આ સંઘ હતો. આ સંઘ ગુજરાતમાં થઈ સૌરાષ્ટ્ર દેશમાં જવાનો હતો. અને ત્યાં જેના અણુએ અણુ પાપીઓનેય પાવન કરી દેવાની શક્તિ ધરાવે છે તેવા પરમ તારક તીર્થાધિરાજના મસ્તક પર બિરાજમાન મુકુટમણિશા ભગવાન યુગાદીશ્વરને મનભરી નીરખવાની અને તે તારકની પૂજા–અર્ચા કરવાની ભાવના સેવતો હતો.

સંઘની અને ઝાંઝણકુમારની ભાવના સફળ થઈ: માર્ગમાં આવતાં બધાં ધર્મતીર્થોની અને છેવટે તીર્થાધિરાજ શત્રુંજય મહાગિરિરાજની ઉલ્લાસપૂર્વક યાત્રા કરીને, અને ઝાંઝણકુમારને સંઘપતિપદનો અભિષેક કરીને સંઘ પાછો ફરી રહ્યો હતો. પાછાં ફરતાં પણ સંઘમાં એ જ ધર્મરંગ પ્રવર્તતો હતો. જાણે ત્યાં ધર્મનું જ સામ્રાજ્ય પ્રવર્તતું હતું, અને બધા યાત્રિકો એ ધર્મનગરીના વસનારા હતા.

*

પાછા ફરતાં માર્ગમાં ગુજરાતનું જૂનું પાટનગર કર્ણાવતી આવતું હતું. કર્ણાવતી તે વખતે પંકાયેલ નગરી હતી, અને પુરાણપ્રસિદ્ધ સાબરમતી નદીને કિનારે વસી હતી. ત્યારે ત્યાં રાજા સારંગદેવનું શાસન પ્રવર્તતું હતું. ગુજરાતનું રાજ્યશાસન નબળું પડ્યું હતું, છતાં ગુજરાતનો રાજા ત્યારે એ જ ગણાતો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેણે જેણે આવડા મોટા સંઘની વાત સાંભળી હતી તે બધા જ તાજૂબ થયા; તો પછી ગુર્જરેશ્વર કંઈ જુદી માટીના થોડા જ હતા! તે પણ તાજૂબ થયા. એમનેય થયું કે કેવી નવાઈની વાત છે કે અઢી લાખ માણસોનો આ સંઘ છે!

"આટલી મોટી જનમેદનીનો અધિનાયક કોણ હશે ભલા?" સારંગદેવે પોતાના પ્રધાનને પૂછ્યું.

"મહારાજ! આવા વિશાળ સંઘના સંઘપતિ ઝાંઝણકુમાર છે. માલવ દેશના માંડવગઢ રાજ્યના મહામંત્રીશ્વર સ્વનામધન્ય પેથડકુમારના તેઓ ધર્મી પુત્ર છે. પેથડકુમાર તો એવા ધર્માત્મા હતા કે એમણે બત્રીસ વર્ષની ભરયુવાનીમાં બ્રહ્મચર્યવ્રત જેવું કઠોર વ્રત અંગીકાર કર્યું હતું! તેમણે ઓઢેલું વસ્ત્ર રોગીને પહેરાવતાં રોગ ચાલ્યો જાય એવી તો એમની ધાર્મિકતાની નામના હતી. તેઓ ખરેખરા ધાર્મિક શિરોમણિ અને પુણ્યવાન મહાપુરુષ હતા. આજના સંઘના સંઘપતિ ઝાંઝણકુમાર એમના પુત્ર છે અને તેઓ પણ ખૂબ ધર્મી છે."

ગુર્જરેશ્વર આ પ્રશંસા વિસ્ફારિત નયને સાંભળી જ રહ્યા. તેમને થયું કે આ સંઘને તો નજરે નીરખવો જ જોઈએ. અને સંઘનાં દર્શન અને સ્વાગતની એમની ભાવના વધુ પ્રબળ બની. સંઘના આગમનના સમાચાર આવ્યા એટલે રાજા અને પ્રજા બધાં ખૂબ રાજી થયાં. સર્વત્ર આવા મોટા અભૂતપૂર્વ સંઘના સ્વાગતનો ઉમંગ પ્રવર્તી રહ્યો.

રાજા સારંગદેવે પોતાના મંત્રીશ્વરને બોલાવી સંઘપતિ તથા સંઘનું યોગ્ય સન્માન કરવાની, નગરમાં તેમનો પ્રવેશ-મહોત્સવ કરાવવાની તથા રાજમહેલમાં તેમને લઈ આવવાની આજ્ઞા કરી.

બીજા દિવસે જ્યારે એક પ્રહર લગભગ વીતી ગયો ત્યારે સંઘ કર્ણાવતીના પાદરે આવી પહોંચ્યો. નગરનાં તથા આસપાસનાં જિનચૈત્યો જુહારવા તથા શ્રમણ ભગવંતોને વંદના કરવા માટે સંઘ અહીં ચાર દિવસ રોકાવાનો હતો.

નમતી સંધ્યાએ ગુર્જરેશ્વર સારંગદેવ સંઘપતિના તંબૂમાં આવ્યા. સંઘપતિની બેઠક એક રાજરાજેશ્વર જેવી હતી. અદ્‌ભુત અને તેજસ્વી એમનું લલાટ હતું. બહુમૂલ્ય અને ભાગ્યે જ જોવા મળે એવા અલંકારોથી તેઓ સુશોભિત હતા. અતિશય નાજુક દેહલતાવાળી અને આરસમાંથી કંડારેલી દેવાંગનાઓ સમી ચામરધારિણીઓ તેમને ચામર વીંઝી રહી હતી. છત્રધર જરાય હાલ્યાચાલ્યા વિના તેમને છત્ર ધરીને ઊભો હતો. શ્રેષ્ઠીઓ અને સામંતો તેમના બંને પડખે દબદબાપૂર્વક બિરાજતા હતા.

ગુર્જરેશ્વર પોતાને મળવા આવી રહ્યા છે એ સમાચાર સાંભળતાં જ સંઘપતિ ઝાંઝણકુમાર પોતે ઊઠીને ગુર્જરેશ્વરનું સન્માન કરવા સામે ગયા. બંનેએ પરસ્પરનું અભિવાદન કર્યું. રાજવીએ સંઘપતિના તથા સંઘના કુશળ મંગલ પૂછ્યા. 'અમારા પ્રદેશમાં આપને કશી તકલીફ તો નથી પડી ને?' એ પ્રશ્નના જવાબમાં સંઘપતિએ ગુર્જરેશ્વરની પ્રસન્ન નજરને કારણભૂત ગણાવી.

મીઠી પ્રેમભરી વાતો શરૂ થઈ અને સૌ આનંદવિભોર બની ગયા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છેવટે ઊઠતાં ઊઠતાં રાજવીએ આવતીકાલે રાજ્ય તરફથી સંઘપતિ તથા સંઘના નગરપ્રવેશ મહોત્સવની વાત મૂકી, અને ઝાંઝણકુમારે એનો સહર્ષ સ્વીકાર કર્યો.

બીજા દિવસની સવાર થઈ અને આખું પાટનગર સંઘ અને સંઘપતિના સન્માનાર્થે નગર બહાર ઠલવાયું. અઢી લાખ યાત્રાળુઓ, બીજો પણ માનવસમૂહ અને નગરની સમસ્ત વસતી ભેગી થતાં ત્યાં માનવોનો હાલતોચાલતો મહેરામણ હિલોળા લેતો દેખાતો હતો; તેનું વર્ણન કરવું શક્ય નથી.

સંઘપતિ ઝાંઝણકુમારને નાના પર્વત સમા મહાકાય હાથી પર સોનાની અંબાડીમાં બેસાડવામાં આવ્યા અને ગુર્જરેશ્વર તેમની સાથે બેઠા. એક વિજેતા સેનાપતિનું જેવું સન્માન થાય તેથીય અધિક સન્માન તેમનું કરવામાં આવ્યું. સંઘ અને સંઘપતિની સવારી રાજમહાલય આવી પહોંચતાં ગુર્જરેશ્વર સંઘપતિનો હાથ ઝાલીને તેમને રાજમહાલય તરફ દોરી ગયા. સૌનો પરિચયવિધિ થયો અને તામ્બૂલો અપાયાં.

છેવટે રાજવીએ વિનંતી કરી : "શ્રેષ્ઠી ઝાંઝણકુમાર, જો તમે સ્વીકારો તો મારી એક વિનંતી છે કે આવતીકાલે આપ આપના સંઘમાંથી સારા સારા ચૂંટી કાઢેલા પાંચેક હજાર માણસો સાથે રાજમહાલયમાં મારે આંગણે ભોજન લેવા પધારો."

સૌને થયું કે હમણાં ઝાંઝણકુમાર હા પાડી દેશે. એક રાજા જેવો રાજા વગર માગ્યે, સામે ચાલીને આવું દુર્લભ બહુમાન કરતો હોય, તો એનો ઇન્કાર પણ કોણ કરી શકે? અને એવો ઇન્કાર કરવાની જરૂર પણ શી?

પણ ઝાંઝણકુમાર કંઈ સામાન્ય માટીના માનવી ન હતા. એમના તો રોમ રોમમાં ધર્મનું તેજ અને બળ વસેલું હતું. પોતાના સન્માન અને ગૌરવ કરતાંય પોતાના ધર્મનું અને પોતાના સાધર્મિકોનું ગૌરવ અને સન્માન એમના હૈયે વધારે વસેલું હતું. ઝાંઝણકુમારે નમ્રતા અને વિવેકપૂર્વક છતાં મક્કમપણે કહ્યું : "રાજન્! આપનું આમંત્રણ હું નહીં સ્વીકારી શકું, મને ક્ષમા કરો!"

"કારણ?" રાજવીએ પૂછ્યું.

"કારણ એ કે મારા સંઘમાં જેમને હું બીજા યાત્રિકોથી સારા તરીકે ચૂંટીને જુદા તારવી શકું એવા કોઈ માણસો જ નથી."

"એટલે શું તમારા સંઘમાં સારા કહી શકાય એવા માણસો જ નથી?" રાજવીએ સંઘપતિની વાતને સમજ્યા વગર જ પૂછ્યું. પોતાની માગણીનો ઇન્કાર સાંભળીને એના અંતરને એક પ્રકારનો આઘાત લાગ્યો હતો.

"ના, મહારાજ, એવું નથી. આપ મારી વાત બરાબર સમજ્યા નહીં. મેં આપને કહ્યું એનો ભાવ તો એ છે કે મારા સંઘમાં કોઈ પણ ખરાબ માણસ નથી; બધા જ સારા છે. એમાં હું કોની ખરાબ તરીકે બાદબાકી કરીને સારાની પસંદગી કરું? મારાથી એ ન થઈ શકે. આ સંઘમાં બધા જ મારા સહધર્મી ભાઈઓ છે, બધા જ શ્રેષ્ઠ છે; અને સૌ મારા આમંત્રણથી જ સંઘમાં પધાર્યા છે. તો પછી એમાં સારાખોટાનો વેરોવંચો કરીને એમનું માનભંગ કરનાર હું કોણ?"

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"તો પછી શું થાય?" રાજવી જરા અકળાઈને બોલ્યા.

"એ જ કે આપનું આમંત્રણ હું ન સ્વીકારું!" ઝાંઝણકુમારે કહ્યું.

રાજવીને આ વાતથી ખેદ થયો. એ ખેદે ગુસ્સાનું રૂપ ધર્યું. સહજ આવેશમાં આવીને રાજવી બોલ્યા : "તો શું તમારા અઢી લાખ માણસોના સંઘને મારે જમાડવો? શું કોઈ પણ માણસ આટલી મોટી સંખ્યાને જમાડી શકે ખરો?"

"રાજન્! આપની ભાવનાને હું સમજી શકું છું. આપની લાગણી સાચી અને અનુમોદના કરવા જેવી છે. કૃપા કરી આપે પણ મારી વાત સહાનુભૂતિથી સમજવી ઘટે. વળી મેં આપની પાસેથી એવી કોઈ આશા રાખી જ નથી કે આપ મારા સંઘના અઢી લાખ માણસોને જમાડો! બાકી આવડા મોટા સંઘને કેવી રીતે જમાડી શકાય એનો મારો નમ્ર તથા પ્રત્યક્ષ જવાબ એ છે કે હું આ સંઘને રોજ જમાડું જ છું. પણ આ કંઈ આગ્રહને વશ બનીને ખેંચપકડ કરવા જેવી વાત નથી. મોટી વાત તો ભાવનાની છે, અને આપની ભાવના મેં પ્રત્યક્ષ જોઈ છે, અને એનું મારે મન જમણ કરતાં પણ વધુ મૂલ્ય છે." પેથડશાએ ગંભીરપણે કહ્યું.

પોતાના આમન્ત્રણની આ સ્થિતિ થવાથી ગુર્જરેશ્વર ગુસ્સામિશ્રિત ખેદના ભાવોથી વ્યાપ્ત બનેલા હતા. ત્યાં એમના મગજમાં એક ચમકારો થયો અને એમનાથી બોલાઈ ગયું : "સંઘપતિજી, શું હું તમને આખું ગુજરાત જમાડવાનું કહું તો તમે જમાડી શકો ખરા? જો ના, તો પછી તેવું જ મારા માટે છે, એ તમારે સમજવું જોઈએ અને મારા આમન્ત્રણનો સ્વીકાર કરવો જ જોઈએ."

સારંગદેવ રાજાની વાત સાંભળી મંત્રીશ્વરે પૂરી ધીરતાથી કહ્યું : "રાજન્! અગર જો આપ ફરમાવો તો હું આખા ગુજરાતને જમાડીશ. શાસનદેવ મને એમાં સહાય કરશે. અત્યારે જ મારું આપને આમંત્રણ છે."

સંઘપતિનો ઉત્તર સાંભળી ગુર્જરેશ્ર પહેલાં તો ડઘાઈ જ ગયા; પછી થોડીવારે બોલ્યા : "ઝાંઝણકુમાર, આખું ગુજરાત એટલે શું એવો કંઈ ખ્યાલ તમે કરી શકો છો? તમે એને જમાડવાનું કહો છો?"

"રાજન્! સઘળો જ ખ્યાલ કરી શકું છું અને આજે, આ ઘડીએ જ, આપને સમસ્ત ગુજરાતને મારા તરફથી જમવાનું આમંત્રણ પાઠવવા વિનંતી કરું છું."

રાજવી મોંમાં આંગળાં નાખી ગયા કે આ સંઘપતિ આ શું બોલે છે! પણ ચાલો, કસોટી થશે, એમ સમજી તેમણે મન મનાવ્યું.

આમ વાતવાતમાં પ્રસંગે એક જુદું જ રૂપ ધારણ કરી લીધું. ઝાંઝણકુમારના સંઘનું પ્રયાણ બંધ રહ્યું. આખો સંઘ કર્ણાવતીની બહાર રોકાઈ ગયો. આખી ગુજરાતની પ્રજાને ઝાંઝણકુમારના રાજ્યવાત્સલ્યમાં જમવાનાં આમંત્રણો મોકલાઈ રહ્યાં.

ભગવાન જિનેન્દ્રનું શાસન જેણે રગરગમાં પચાવ્યું હોય છે એવા ધર્મશૂર આત્માને, પ્રસંગ આવે ત્યારે, વટ કેવી રીતે રાખવો તે શીખવવાનું ન હોય. હવે તો સંઘવાત્સલ્ય કે સહધર્મીવાત્સલ્ય નહીં પણ રાજ્યવાત્સલ્યના મહાજમણને હર્ષ અને ઉલ્લાસપૂર્વક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સફળ કર્યે જ છૂટકો હતો. અને ઝાંઝણકુમાર એમાં જરાય પાછા પડે એવા ન હતા. એમની શક્તિ અને ભક્તિ બન્ને અજોડ હતી.

કામ ન કલ્પી શકાય એવું મોટું હતું અને ઘણી ઝડપે પૂરું કરવાનું હતું. પણ એની પાછળ પ્રતાપી પિતાના પુત્રની વ્યવહારદક્ષ વણિક બુદ્ધિ કામ કરતી હતી, સંઘમાંના ભાવનાશીલ અગ્રણીઓનો અને કુશળ કાર્યકરોનો ઉમંગભર્યો સાથ હતો, અને પૈસાની તો કોઈ કમી જ ન હતી, એટલે કામની સફળતામાં કોઈ સંદેહ ન હતો.

રસોઈની અને જમાડવાની તાબડતોબ તૈયારીઓ કરવામાં આવી. એકીસાથે પાંચસો માણસોને જમવા બેસાડી શકાય એવા વિશાળ એક સો જેટલા મંડપો ખડા કરવામાં આવ્યા. સાબરમતીનો આખો કિનારો અને કર્ણાવતીની આસપાસનો વેરાન લાગતો વનપ્રદેશ જાણે વન–ભોજનનું ભર્યું ભર્યું રળિયામણું ઉદ્યાન બની ગયું. જમનારને બહુમાનપૂર્વક જમાડી શકાય એવી બેસવા–પીરસવાની પૂરી વ્યવસ્થા કરવામાં આવી.

બધી પૂર્વતૈયારી પૂરી થઈ એટલે નિશ્ચિત દિવસથી રાજ્યવાત્સલ્ય અથવા તો પ્રજાવાત્સલ્યનો મહાજમણવાર શરૂ થયો. કર્ણાવતીના રાજવી અને નગરજનો પણ આ કામમાં પૂરા ઉત્સાહથી સાથ આપવા આવી પહોંચ્યા. રાજા સારંગદેવનો રોષ પણ ઊતરી ગયો હતો. આ કાર્યને એમણે પોતાનું જ માની લીધું. રાજ્યની મદદથી જ્ઞાતિવાર જુદા જુદા મંડપોમાં પ્રજાજનોને ભાવપૂર્વક જમાડવામાં આવતા; દિવસભર એ કામ ચાલ્યા કરતું.

જાણે ઝાંઝણકુમારે રાજ્યવાત્સલ્ય કે પ્રજાવાત્સલ્યનો સપ્તાહનિક મહોત્સવ માંડ્યો હોય એમ સાત સાત દિવસ સુધી આ જમણવાર ચાલ્યો. અને સમગ્ર ગુજરાતની પ્રજાએ માંડવગઢના સ્વર્ગસ્થ મહામંત્રીના સુપુત્ર ઝાંઝણકુમારની મહેમાનગતિનો અનેરો લાભ લીધો અને એમની ધર્મભક્તિ, કાર્યશક્તિ અને ઉદારતાનાં દર્શન કર્યાં.

બરાબર સાતમા દિવસની સંધ્યાએ સમસ્ત ગુજરાત જમી રહ્યું ત્યારે હર્ષથી છલકાતી આંખે રાજા સારંગદેવ સંઘપતિ ઝાંઝણકુમાર પાસે આવી પહોંચ્યા અને ગદ્ગદ વાણીથી બોલ્યા : “ શ્રેષ્ઠીવર ! તમે ન કલ્પી શકાય કે નજરે જોયું ન હોય તો ન માની શકાય એવું અતિઅદ્ભુત કાર્ય કરી બતાવ્યું ! તમને સમજવામાં મેં ખરેખર ભૂલ કરી ! મને માફ કરો. તમારામાં જે શક્તિ છે તે મારામાં નથી. તમે તો ચમત્કાર કરી બતાવ્યો. અમે એ ક્યારેય નહીં ભૂલી શકીએ.”

ઝાંઝણકુમારે વિનમ્ર બનીને કહ્યું : “ મહારાજ ! આ કાંઈ મારી શક્તિ નથી; આ તો મારા અભીષ્ટદેવ ભગવાન જિનેન્દ્રદેવે દર્શાવેલ દાનધર્મની શક્તિ છે. આ બધો જ યશ એ મહાપ્રતાપી ઇષ્ટદેવને અને એમણે પ્રરૂપેલ સર્વકલ્યાણકારી ધર્મને ઘટે છે. હું તો માત્ર એમના ચરણની રજ છું.”

રાજવીએ પૂછ્યું : “ ઝાંઝણકુમાર, આ જમણ માટે તમે કેટલી મીઠાઈ બનાવરાવેલી ?”

“ રાજેશ્વર ! મીઠાઈઘર જોવા પધારો ” અને ઝાંઝણકુમાર રાજા સારંગદેવજીને તે તરફ દોરી ગયા.

ત્યાં રાજવીએ શું જોયું ? હજી બીજા હજારો માણસો જમી શકે એટલી તાજી મીઠાઈના ગંજ ખડકાયા હતા. રાજવી આ દાનેશ્વરીને મનોમન વંદી રહ્યા અને લાગણી-

ભર્યા સ્વરે બોલ્યા: 'સંઘપતિજી, માગો, માગો, માગો તે આપું. તમારા આ કૃત્યથી હું અતિ પ્રસન્ન થયો છું."

ઝાંઝણકુમારે કહ્યું: "રાજન્! આપ જેવા રાજવીઓના રૂડા પ્રતાપે તો અમે સિદ્ધક્ષેત્રની યાત્રા કરી આવ્યા, આથી વિશેષ અમારે શું જોઈએ?"

ગુર્જરેશ્વર બોલ્યા: "શ્રેષ્ઠી, એમ ન ચાલે. જે મન થાય તે માગો; આજે તો મારી ભાવનાને પોતાના માર્ગે વિહરવા દ્યો."

ખૂબ વિચાર કરી સંઘપતિએ કહ્યું: "રાજન્! મારે માગવાનું તો કંઈ છે નહીં, પણ જો તમારે આપવું જ હોય તો એક જ વસ્તુ માગું છું અને તે એ કે આપની કેદમાં પડેલા સમસ્ત રાજાઓને મુક્ત કરો."

ગુર્જરેશ્વરને થયું કે મંત્રીશ્વરે માગવામાં કશી જ કચાશ રાખી નથી. ઘણું ઘણું માંગ્યું છે; પણ ગુર્જરેશ્વર પ્રતિજ્ઞાબદ્ધ હતા.

બીજા દિવસના પ્રભાતે બધાય રાજાઓને મુક્ત કરવામાં આવ્યા અને તેમના મુક્તિ-દાતા માંડવગઢના શ્રેષ્ઠી ઝાંઝણકુમાર છે તે એમને જણાવવામાં આવ્યું.

હર્ષથી છલકાતાં નેત્રો દ્વારા બીજાનાં નેત્રોને પણ સજળ બનાવતું એ રાજવીવૃંદ જ્યારે ઝાંઝણકુમારના તંબુમાં આવી એમનો ઉપકાર માનવા લાગ્યું ત્યારે તો અંતરને ગદ્ગદ બનાવી દે એવું દૃશ્ય ખડું થયું. સૌએ ભગવાન વર્ધમાનસ્વામીની મહાકરુણાનો અને એમના શાસનનો જયજયકાર બોલાવી દીધો.

બીજા દિવસે સવારે આ મહાકાય સંઘે કર્ણાવતીથી આગળ પ્રયાણ આદર્યું ત્યારે પાછળ ઊભેલું રાજવીવૃંદ અને ગુર્જરેશ્વર સારંગદેવ સમેત સમસ્ત નગરજનોનાં હૃદયમાં ભગવાન જિનેન્દ્રના શાસનની અદ્ભુતતા અંકાઈ ચૂકી હતી. ઝાંઝણકુમારે એ સૌને જાણે વશ કરી લીધા હતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org